અપીલ અરજી નં.૧૭/૦૮-૦૯ તા. ૨૧-૪-૦૮

અરજદારઃ શ્રી મોહંમદભાઈ એ. મુલતાની
સામાવાળાઃઆસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

# હુકમઃ-

વિષયઃ- આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહંમદભાઈ એ. મુલતાનીની તા.૭-૨-૦૭ ની અરજીથી વોર્ડ નં.૨ નોંધ નં. ૫૦૪૧ થી ૫૦૫૯ અને નોંધ નં.૫૦૬૨ થી ૫૦૭૫ ના પાર્ટ પ્લાન અને લાઈનદોરી અંગેની માહિતી બાબત.
સંદર્ભઃ- અરજદાર મજકુરની તા.૨૧-૪-૦૮ ની અપીલ અરજી નં.૧૭/૦૮-૦૯

શ્રી મોહંમદભાઈ એ. મુલતાનીની તા.૭-૨-૦૭ ની અરજીથી વોર્ડ નં.૨ નોંધ નં. ૫૦૪૧ થી ૫૦૫૯ અને નોંધ નં.૫૦૬૨ થી ૫૦૭૫ ના પાર્ટ પ્લાન અને લાઈનદોરી અંગેની માહિતી બાબતે તા.૭-૨-૦૭ ના રોજ રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ અરજી કરવામાં આવેલ. જે અંગે આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા તેઓના પત્ર રાઈટ ટુ ઈન્ફરમેશન નં.સે.ઝોન/આ.નં.૪૪૬ તા.૨૨-૨-૦૭ થી આપને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેનાથી નારાજ થઈ તા.૨૧-૪-૦૮ ના રોજ ડે.કમિશનર જનરલ અને એપેલેટ ઓફીસરશ્રી ને અપીલ કરેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૬ તા.૨૮-૪-૦૮ ના રોજ આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને અત્રેના વિભાગને આજ દિન સુધી માહિતી મળેલ નથી. અરજદાર તરફથી અપીલ માટે કોઈ વાજબી કારણ અપીલમાં દર્શાવેલ નથી પરંતુ મુળ અરજી જોતાં નિર્દિષ્ટ સ્થળે એલાયમેન્ટમાં આવતી મિલ્કતની માહિતી તેમજ પાર્ટ નકશાની માંગણી કરેલ છે. સાથે અરજીના અંત ભાગમાં એવું પણ જણાવેલ છે કે જો ઉપરોકત મિલ્કતો લાઈનદોરીમાં કપાત ન હોય તો નકશો જોઈતો નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન /આ.નં.૪૪૬ તા.૨૨-૨-૦૭ ના રોજ અરજી બાબતે જવાબ પાઠવેલ છે. જેમાં નકશા બાબતે દસ્તાવેજ ફી રૂા.૬૦૦/- ભરપાઈ કરી મેળવી લેવા સૂચિત કરેલ છે. તેમ છતાં અપીલ કરેલ છે. જે અપીલ અરજી લગભગ એક વર્ષ અને એક માસની સમયાવધિ બાદ છે. જે અપીલ કરવાની સમયમર્યાદા જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મેળવ્યાના દિન-૩૦ ની અવધિ પછી ઘણા વિલંબથી છે જે અંગે કોઈ યોગ્ય વાજબીપણું અપીલમાં દર્શાવેલ નથી.જેથી આ બાબતે અરજદારને નં.આરટીઆઈ /૭૬ તા.૨૮-૪-૦૮ના રોજ પત્ર પાઠવી સમયમર્યાદા બહારના અઘટિત વિલંબથી કરેલ અપીલ અરજી દફતરે કેમ ન કરવીતે અંગેની સ્પષ્ટતા કે વાજબીપણું દિન-૭ માં રજુ કરવા જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી કોઈ વાજબીપણુ કે રજુઆત કરવામાં આવેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની અપીલ નોંધપાત્ર વિલંબનો હોવા છતાં તેમાં જણાવેલ વિષયવસ્તુમાં સ્પર્શતા જાહેરહિતને અનુલક્ષી અરજદારે મુળ અરજીથી માંગેલ વિગતો મુજબની માહિતી સદર મિલ્કતો લાઈનદોરીમાં કપાત છે કે નહી તે દિન-૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવતી માહિતીના અનુસંધાને જો અરજદાર નકશાની નકલ મેળવવા ઈચ્છુક હોય તો સૂચિત કરેલ નિયત ફી ભરી મેળવી લેવા સ્વતંત્ર છે. જેથી તે અંગે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૫ -૦૮.

ડે.*કમિશનર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહંમદભાઈ એ. મુલતાની,